# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-04-2026 Day: Monday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM-દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લો જેમ્યુની સાથે મુલાકાત કરશે.:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હી ખાતે આજે દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જેમ્યુ સાથે મુલાકાત કરશે.બંન્ને નેતાઓ વચ્ચે વિભિન્ન ક્ષેત્રોમાં દ્રિપક્ષીય સહયોગ મજબુત કરવા ચર્ચા થશે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિના સન્માનમાં ભોજનું આયોજન કરશે.શ્રી લી રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ સાથે પણ મુલાકાત કરશે.

------------------------------------------------------------------------------------------

## સર્વોચ્ચ અદાલતે માર્ગ સલામતી વધારવા માર્ગદર્શિકા જારી કરી:

**સર્વોચ્ચ અદાલતે દેશભરમાં માર્ગ સલામતી વધારવા માટે માર્ગદર્શિકા જાહેર કરી છે. અદાલતે જણાવ્યું કે વહીવટી ખામીઓ અથવા માળખાગત સુવિધાઓના અભાવે એક્સપ્રેસવે જોખમી કોરિડોર ન બનવા જોઈએ. ન્યાયામુર્તિ જે.કે. મહેશ્વરી અને એ.એસ. ચંદુરકરની ખંડપીઠે નોંધ્યું હતું કે રાષ્ટ્રીય ધોરીમાર્ગો ભારતના કુલ માર્ગ નેટવર્કના માત્ર બે ટકા હિસ્સો ધરાવે છે, પરંતુ માર્ગ અકસ્માતમાં મૃત્યુના આશરે 30 ટકા હિસ્સો ધરાવે છે. અદાલતે જણાવ્યું હતું કે ટાળી શકાય તેવા જોખમોને કારણે એક પણ જીવ ગુમાવવો રાજ્યની નિષ્ફળતા દર્શાવે છે.**

**ખંડપીઠે માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય, ભારતીય રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ અને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ધોરીમાર્ગો પર સલામતી સુધારવા માટે તાત્કાલિક પગલાં લેવા નિર્દેશ આપ્યો.**

---

## દિનેશ ત્રિવેદીની બાંગલાદેશના ઉચ્ચાયુક્ત તરીકે નિયુક્તિ :

મુળ કચ્છી અને પૂર્વ કેન્દ્રીય રેલવે મંત્રી દિનેશ ત્રિવેદીની કેન્દ્ર સરકારે બંગલાદેશના ઉચ્ચાયુક્ત તરીકે નિયુક્તિ કરી છે.યુ.પી.એ સરકારમાં તેઓ તૃણમૂલ કોગ્રેસના પ્રતિનિધિ તરીકે જોડાયા હતા. શરૂમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજયમંત્રી બન્યા પછી તેઓ કેબિનેટ મંત્રી તરીકે રેલવે મંત્રી બન્યા હતા. તેમના રેલ્વે અંદાજ પત્રમાં ભુજમાં રેલવે કોચ ફેક્ટરી બનાવવાની જાહેરાત થઈ હતી, જોકે રેલવે ભાડામાં વધારો કરવાની દરખાસ્તથી નારાજ થઈ પક્ષ પ્રમુખ મમતા બેનર્જીએ રાજીનામું આપવા ફરજ પાડી હતી. વરસો સુધી તૃણમૂલ કોગ્રેસમાં રહ્યા પછી **2021**માં તેઓ ભાજપમાં જોડાયા હતા

---

## જિલ્લામાં EVM ની કમિશનીંગની કામગીરી પુર્ણતાના આરે:

સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે વહીવટી તંત્રની તૈયારીઓ વધુ તેજ બની છે. ચૂંટણી પ્રક્રિયામાં મહત્વની ભુમિકા ધરાવતા ઈવીએમને ચૂંટણી માટે સજ્જ કરવાની કામગીરી શરૂ કરાઈ છે. **4000** જેટલાં ઈવીએમની કમીશનિંગની કામગીરી બે દિવસમાં સંપન્ન કરી લેવાશે, **1,896** મતદાન બૂથ માટે **4000** જેટલા ઈવીએમની ફર્સ્ટ લેવલ ચેકિંગ પૂર્ણ કરી તાલુકા મથકોએ રવાના કરી દેવાયા બાદ હવે ઈવીએમના બેલેટ યુનિટ પર ઉમેદવારનું નામ, ફાળવાયેલ પ્રતીક, ઉમેદવારનો ફોટો સહિત વિગત દાખલ કર્યા બાદ મોકપોલ કરી ઈવીએમ કમીશનિંગની આ કામગીરી પૂર્ણ કરી લેવામાં આવશે, ત્યારબાદ પીંક પેપરથી સીલ મારી ઈવીએમને સ્ટ્રોંગરૂમમાં રાખી દેવામાં આવશે.

અત્રે જણાવીએ કે ચૂંટણી કામગીરી માટે **10** હજાર જેટલા પોલિંગ સ્ટાફને તાલીમબધ્ધ કરવામાં આવ્યા છે.

---

## જીલ્લામાં ઉનાળુ વાવેતર :

જીલ્લામાં હાલે 37 હજાર જેટલા હેકટરમાં ખેડૂતો દ્વારા ઉનાળુ પાકનું વાવેતર કરાયું છે, જેમાં સૌથી વધુ ઘાસચારો, મગફળી, બાજરી, તલ અને શાકભાજીનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે. પ્રાપ્ત વિગતો મુજબ ખેડૂતો દ્વારા 37,159 હેકટરમાં ઉનાળુ પાકનું વાવેતર કર્યું છે, જેમાં સૌથી વધુ 16,216 હેકટરમાં ઘાસચારાનું વાવેતર થયું છે, તો 5,462 હેકટરમાં બાજરી, 5,399 હેકટરમાં મગફળી, 2,026 હેકટરે તલ, 4,764 હેકટરમાં શાકભાજી, 1,038 હેકટરમાં મગ અને 1,776માં અન્ય પાકોનું નોંધપાત્ર વાવેતર થયું છે.

---

## કમોસમી વરસાદની આગાહી:

**રાજ્યના અનેક શહેરમાં અસહ્ય ગરમી શરૂ થઈ ગઈ છે. મોટાભાગના શહેરોમાં તાપમાન 41 ડિગ્રીને પાર પહોંચી ગયું છે. ત્યારે રાજ્યમાં ફરી એક વખત કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે ત્રણ દિવસ સુધી રાજ્યના અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદ થાય તેવી શક્યતા વ્યક્ત કરી છે.**

**હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું હતું કે, વેસ્ટન ડિસ્ટર્બન અને સાકલોનીક સર્ક્યુલેશન સક્રિય થતા  21 એપ્રિલ સુધી અસહ્ય ગરમીની સાથે કમોસમી વરસાદ પણ થઈ શકે છે.**

---

## મતદાન જાગૃતિ માટે જિલ્લા ચુંટણી તંત્રની વિશેષ પહેલ:

આગામી ૨૬ એપ્રિલે યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં મતદાન અંગે નાગરિકોમાં જાગૃતિ લાવવા માટે કચ્છ જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા કરવામાં આવેલી એક વિશેષ પહેલ અંતર્ગત "૨૬ એપ્રિલે તું વૉટ કર જે" નામનું મતદાતા જાગૃતિ ગીત તૈયાર કરવામાં આવ્યું છે.

ખાસ કરીને યુવા મતદારોને આકર્ષવા માટે નવીન અભિગમ અપનાવીને, આ ગીતના વીડિયો જનરેશનમાં એ.આઈ.નો અનોખો પ્રયોગ કરવામાં આવ્યો છે.

સાંભળીએ તેની એક ઝલક...

---

## ક્રિકેટ:

**આઈ.પી.એલની 30મી મેચમાં આજે ગુજરાત ટાઇટન્સનો મુકાબલો મુંબઈ ઇન્ડિયન્સ ટીમ સામે થશે. અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરની મેચ સાંજે સાડાસાત વાગ્યે શરૂ થશે. ગુજરાતની ટીમે 5 માંથી 3 મેચમાં જિત મેળવી છે. જ્યારે મુંબઈની ટીમે માત્ર એકજ મેચમાં જીત મેળવી છે.**

---